## જિલ્લાના પશુધન માટે બે મોબાઈલ ડિસ્પેન્સરી શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં પશુધનની સારવાર માટે મોબાઈલ ડિસ્પેન્સરી શરૂ કરવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૦ ગામો વચ્ચે એક મોબાઈલ ડિસ્પેન્સરી શરૂ કરવાની યોજનાના ભાગરૂપે જિલ્લામાં ૭ જેટલી આવી ડિસ્પેન્સરીઓ શરૂ કરવાનું આયોજન હાથ ધરાયું છે.

પશુપાલન વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રાથમીક તબક્કે બે મોબાઈલ ડિસ્પેન્સરીઓ શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે અને હવે આ દિશામાં જિલ્લા પશુપાલન તંત્ર દ્વારા આનુસંગિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૨મી પશુધન વસ્તી ગણતરીને ધ્યાને રાખી આ મોબાઈલ ડિસ્પેન્સરી પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો હતો. રાજ્યના પશુપાલન વિભાગે ગણતરીના પરિણામોને આધાર બનાવી આખા રાજ્યમાં આ દિશામાં આગળ વધવાનો નિર્ણય કરેલ છે.

ગાંધીનગર જિલ્લાનો આ માટે પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો હોવાનું પણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેનો... આપણાં આજ આવેલ ગેસ્ટ તમને લોકોને... દિવાળીમાં જાતે બનાવેલ મીઠાઈ કે જે ખાઈ શકાય તેવી સ્થિતિમાં ન હોય તેમાંથી- ફ્લાવરવાઝ, ડસ્ટબીન બનાવી રીસાઈકલ કરતા શીખવશે....!!!

# વ્યસનમુક્ત સમાજનું નિર્માણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે

**સ્વામિનારાયણ ધામ ખાતે મુખ્યમંત્રીનું સંબોધન : સંતશક્તિ, યુવાશક્તિ ધર્મ સંપ્રદાયોના સહકારની સાથે સહયોગથી દિવ્ય ગુજરાત બનાવવા મુખ્યમંત્રીની ખાતરી**





અમદાવાદ, તા.૦૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વ્યક્તિત્વ નિર્માણ-ચારિત્ર્ય ઘડતર માટે સંતશક્તિના સમાજ દાયિત્વને પાયારૂપ ગણાવ્યા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વર્તમાન યુગમાં અનોકાનેક વિપદાઓ, સંકુલ સમાજજીવન વચ્ચે સંસ્કારોની જાળવણીનું દાયિત્વ સરકાર સાથે સંતશક્તિ અને ધર્મસંપ્રદાયો સુપેરે પાર પાડે છે. મુખ્યમંત્રીએ વ્યસનમુક્ત-બદીમુક્ત સમાજની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, રાજય સરકાર સમાજ સહયોગથી આવનારા દિવસોમાં આ વ્યસનમુક્તિ સંદેશને વ્યાપક બનાવશે. તેમણે આવા યુવા સંમેલનો સંતશક્તિનો પ્રાદુર્ભાવ ગુજરાતને વ્યસનમુક્ત બનાવવામાં મહત્વપૂર્ણ પ્રદાન કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ ગાંધીનગર નજીક સ્વામીનારાયણ ધામ ખાતે યુવાસંમેલન જ્ઞાનસત્રમાં પ્રેરક સંબોધન કર્યું હતું. સ્વામીનારાયણ મંદિર વાસણા સંસ્થા દ્વારા આયોજિત આ યુવા સંમેલનમાં રૂપાણીએ ગાંધી-સરદાર-મોરારીબાપુ-સ્વામીનારાયણ ભગવાનની આ ગૌરવ ભૂમિમાં વ્યસનમુક્ત સ્વચ્છતા સ્વસ્થ્યતા સત્યનિષ્ઠાના માર્ગે ચાલીને સમૃદ્ધ ગુજરાતના નિર્માણ માટે યુવાશક્તિને આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીએ વ્યવહાર અને વર્તનથી જ પરિવર્તન આવે છે તેવો સ્પષ્ટ મત દર્શાવતાં કહ્યું કે, શિક્ષા-દિક્ષા, ધર્મ સંસ્કૃતિના સંસ્કારો, સેવા ભાવનાનું સદઆચરણ જ યુવાશક્તિને રાષ્ટ્રનિર્માણ માટે પ્રેરિત કરશે. વિજય રૂપાણીએ લોકોનો ભરોસો સરકાર પ્રત્યે અકબંધ રહે, સંવેદનશીલ તંત્ર રૂજુ હૃદયની સરકાર સાડા છ કરોડ ગુજરાતીઓની સેવામાં કર્તવ્યરત રહે તેવા કૃપા આશિષની સંત સમુદાય સમક્ષ વાંચ્છના કરી હતી. મુખ્યમંત્રીએ ગરીબ વંચિત દલિત શોષિતો પ્રત્યે સમસંવેદના સાથે કાર્યરત તેમની સરકાર પ્રજાજનોની આરોગ્ય સુખાકારી માટે સંકલ્પબદ્ધ છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીનું પદ એ પદ નહિ ધ્રુપદ છે અને એ જ ભાવથી જનતા જનાર્દનની સેવા માટે સંતવર્યો આશિર્વાદ આપે. વિજય રૂપાણીએ ગરીબોને રાહત દરે જિનેરીક મેડિસીન મળી રહે તે માટે આવનારા દિવસોમાં રાજય સરકાર સ્ટોર્સ શરૂ કરશે તેની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ સ્વામીનારાયણ મંદિર વાસણા સંસ્થા દ્વારા નિર્માણ થનારી અદ્યતન હોસ્ટિપલ માટે રાજય સરકારના સહયોગની ખાતરી આપી હતી.

## વ્યસન મુક્તિ રેલીની સાથે સાથે



- વહેલી સવારે ૬ વાગ્યાથી ઠાકોરો સભા સ્થળે પહોંચી ગયા હતા.
- સવારથી જ ગાંધીનગરના માર્ગો પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.
- મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો અસંખ્ય વાહનો લઈ ગાંધીનગર આવ્યા હતા.
- ઘ-માર્ગ પર બેરિકેટ આડા કરી કેટલાક માર્ગોને બંધ કરાયા હતા.
- ઠાકોર સમાજ દ્વારા સમર્થકો માટે ૧૦ લાખ પાણીના પાઉચ અને ત્રણ હજાર પાણીના જગની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સવારે ૧૧.૪૫ કલાકે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી.
- અલ્પેશ ઠાકોરની ધમાકેદાર એન્ટ્રી બાહુબલી ફિલ્મના ગીતથી થતા પોલીસ પણ એન્ટ્રી જોઈ દંગ થઈ ગઈ હતી.
- અલ્પેશ ઠાકોરની એન્ટ્રી થતા તમામ કાર્યકરો જગ્યા પર ઉભા થઈ તાળીઓથી તેને વધાવી લીધો હતો.
- રેન્જ આઈ.જી. આર.બી. બ્રહ્મભટ્ટ સહિતના ઉચ્ચ અધિકારી બે વખત અલ્પેશ ઠાકોરને સમજાવવા માટે સ્ટેજ પરથી નીચે બોલાવ્યો હતો પરંતુ પોલીસના પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા હતા.
- સાંજ સુધી ખીચોખીચ ભીડ જામી રહેતા પોલીસનો પસીનો છુટી ગયો હતો.
- વહેલી સવારથી જ સભા સ્થળની આસપાસ નાસ્તા પાણીના લારી ગલ્લા ગોઠવાઈ ગયા હતા.
- સભામાં કેટલાક પાકિટ અને મોબાઈલની ચોરી થવા પામી હતી.
- પોલીસના કેટલાક વહીવટદારો પોલીસની ખાતીરદારી કરવામાં સતત વ્યસ્ત રહ્યા હતા.
- મોટી સંખ્યામાં ઠેક ઠેકાણે સેક્ટરોમાં વાહનો પાર્ક કરી દેવાયા હતા.
- સેક્ટર-૬ સહિતનો આસપાસના વિસ્તારમાં સવારથી જ માઈક અને સાઈરનથી ગુંજી ઉઠ્યો હતો.
- તમામ જાતિ-ધર્મના આગેવાનો હાજર રહ્યા હતા.
- સભા સ્થળની આસપાસના વાણિજ્યક કોમ્પલેક્ષ બંધ કરાવવામાં આવ્યા હતા.
- કાર્યકર્તા માટે મોબાઈલ ટોઈલેટ અને પાણીના ટેન્કર મુકવામાં આવ્યા હતા પરંતુ સંખ્યા જોતા અવ્યવસ્થા સર્જાઈ હતી.
- દલિત સમાજના આગેવાન જીગ્નેશ મેવાણી, પાસ કન્વીનર કેતન પટેલ સહિત સાંસદ જગદીશ ઠાકોર, ધારાસભ્ય બળદેવજી ઠાકોર, સી.જે. ચાવડા હાજર રહ્યા હતા.
- સવારથી જ અલ્પેશ ઠાકોરની સાથે તેના પરિવારજનો અને તેમના બે નાના બાળકો પણ સભાના સ્ટેજ પર બેસી રહ્યા હતા.
- અલ્પેશ ઠાકોરે પોલીસ અને નેતાઓને બુટલેગરના દલાલો સાથે સરખાવતા પોલીસના કાન ઉંચા થઈ ગયા હતા.
- દારૂના નશામાં જીવ ગુમાવનાર પિતાની દિકરીએ બપોરે-૨ કલાકે પ્રથમ ઘંટનાદ કર્યો હતો.
- પોલીસ જવાનો માટે અંદાજે ૧ હજાર ફુડપેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- વ્યસન મુક્તિની રેલીની આસપાસના વિસ્તારના પાન મસાલાના ગલ્લા પર ભારે તડાકો દિવસભર રહ્યો હતો.

## સાંધા ઝકડાઈ જવા અને તાવ આવવાની ફરિયાદો ઉઠતાં તંત્ર ચોંક્યુ

### લોહીના નમૂના પરીક્ષણમાં ચિકનગુનિયા નેગેટીવ પણ વાઈરલ ઈફેક્ટ જણાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સાંધાના દુઃખાવા સાથે સાંધા ઝકડાઈ જવાની ફરિયાદો ઉઠી રહી છે પણ આ ચિકનગુનિયા નથી પરંતુ વાઈરલ ફિવરના નવા લક્ષણો હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર સિવિલમાં ૧૦ જેટલા દર્દીઓના નમૂના લઈ ચકાસણી કરવામાં આવી હતી તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના આવા કેટલીક ફરિયાદો ધરાવતા દર્દીઓના લોહીના નમૂનાની ચકાસણી પણ કરવામાં આવી હતી.

આ નમૂનાઓની ચકાસણી અમદાવાદ બી.જે. મેડીકલ કોલેજમાં પણ કરાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જો કે બધી જ ચકાસણીમાં ચિકનગુનિયા નેગેટીવ હોવાનું તારણ આવ્યુ હતુ.

તબીબી વર્તુળોમાં પણ આ વાતને લઈ આશ્ચર્ય ફેલાયુ હતુ પરંતુ તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે ચિકનગુનિયા જેવા લક્ષણો હોઈ શકે છે પરંતુ તેના શરીરમાં તેના જીવાણુઓ ના હોય તો ચિકનગુનિયા થતો નથી.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ચિકનગુનિયાનો એક જ કેસ મળ્યો છે. ગાંધીનગરના ઉવારસદ, પેથાપુર ગામમાંથી પણ આવી ફરિયાદો મળી હતી પરંતુ ચકાસણીમાં નેગેટીવ રિપોર્ટ આવ્યો છે.

## સેવા સેતુ કાર્યક્રમો અંગેના અહેવાલ મંત્રીઓ-ધારાસભ્યો પાસેથી મંગાવાયા

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગઈકાલથી શરૂ કરવામાં આવેલ સેવા સેતુ કાર્યક્રમની સફળતા નિષ્ફળતા અંગે મુલવણી કરવામાં આવી રહી છે અને ત્રુટીઓને દૂર કરી આ કાર્યક્રમને સફળ બનાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાગરીકોના પ્રશ્નોનો સ્થાનીક કક્ષાએ અને સ્થળ પર જ નિકાલ થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ ધારાસભ્યોને પણ તેમના મત વિસ્તારોમાં તાલુકા કક્ષાએ હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી. ગઈકાલ પાંચમી નવેમ્બરથી શરૂ થયેલા સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ થયો તેના પ્રથમ દિને રાજ્યમાં આ કાર્યક્રમને પ્રજામાંથી કેવો પ્રતીસાદ મળ્યો, આ કાર્યક્રમમાં કેટલા લોકો જોડાયા અને કઈ કઈ પ્રકારના કેવા પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા અને તે પૈકી કેટલાક પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

મંત્રીઓ અને ધારાસભ્યો પાસેથી સેવા સેતુ કાર્યક્રમ અંગેના પ્રતિભાવો અને રજુ થયેલા પ્રશ્નો અને નિકાલ કરવામાં આવેલ પ્રશ્નો સહીતની વિગતો અંગેના અહેવાલો અને કાર્યક્રમની સફળતા નિષ્ફળતા અંગેની વિગતો સરકાર અને પાર્ટી કક્ષાએથી મેળવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક જિલ્લાઓમાં યોજવામાં આવેલ સેવા સેતુ કાર્યક્રમને મોળો પ્રતિસાદ મળ્યો હોવાનું ધ્યાન પર આવવા પામ્યુ છે. તો કેટલાક સ્થળોએ આ કાર્યક્રમ સફળ થવા પામ્યા હોવાના અહેવાલો પણ સાંપડ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગઈકાલ પાંચમી નવેમ્બરથી શરૂ કરવામાં આવેલ સેવા સેતુ કાર્યક્રમ ૧૫મી નવેમ્બર સુધી યોજવામાં આવનાર છે.

# ઓફિસમાં ટેબલ નીચે રૂપિયા લેવાની સિસ્ટમ બંધ છે, ACBને કોણ સમજાવે!

દિપાવલીના તહેવારો સમયે એન્ટી કરપ્શન બ્યુરો- એસીબી-ને શું સુરાતન ચઢ્યું કે મીઠાઈની ગિફ્ટ ખોલીને રૂપિયા શોધવાનો પ્રયાસ શરૂ કર્યો, નાનકડી સફળતા મળી પરંતુ એસીબીના ઓફિસરોને કોણ સમજાવે કે ગુજરાતમાં ટેબલ નીચે રૂપિયા લેવાની સિસ્ટમ તો વર્ષો પહેલાં ખતમ થઈ ચૂકી છે. હવે તો એજન્ટોને રૂપિયા આપવાની સિસ્ટમ પોપ્યુલર છે. લાંચ લેવાનું દૂષણ એટલું ઘર કરી ગયું છે કે એસીબી તો શું ખુદ ચીફ મિનિસ્ટર વેશ બદલીને સચિવાલય કે સરકારી ઓફિસોમાં ફરે તો તેમને પણ લાંચના રૂપિયા મળી ન શકે. ઓફિસ કે ઘર- એ લાંચનું ઘર નથી પરંતુ એજન્ટો પાસે રૂપિયા જમા હોય છે. આ એજન્ટોને મનમોહક કમિશન મળે છે એટલે તેઓ ઓફિસરના રૂપિયા સાચવે છે. એસીબીએ રેડ કરવી હોય તો તેવા ઓફિસરોના એજન્ટોને શોધવા પડશે, તો જ લાંચના રૂપિયા શોધી શકાશે...

**નવા વર્ષમાં હવે બદલી માટે તૈયાર રહો...**

દિવાળીની રજાઓ પૂરી થઈ છે. હિન્દુ નવા વર્ષની ઉજવણી પણ હવે જૂની થઈ ચૂકી છે. સરકાર પાસે મિશન ૨૦૧૭ છે. આ મિશનને પાર પાડવા માટે સચિવાલય અને જિલ્લાના વહીવટી તંત્રમાં બદલીઓની મોસમ આવી રહી છે. ટોપ ટુ બોટમ બદલીઓ થવાની છે. જિલ્લા વહીવટી તંત્રમાં ફેરબદલ છે તેમ સચિવાલયના વિભાગો તેમજ બોર્ડ-કોર્પોરેશનમાં પણ બદલાવ આવી રહ્યો છે. પોલીસ અધિકારીઓની બદલીઓ પણ પેન્ડીંગ છે. પ્રમોશન ડ્યુ છે. ખાલી જગ્યાએ નિયુક્તિ કરવાની બાકી છે. રાજ્યના ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી હવે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને વિશ્વાસમાં લઈને બદલીઓની ફાઈલ તૈયાર કરી રહ્યાં છે. સૂત્રો જણાવે છે કે સચિવાલયમાં કેટલાક આશ્ચર્યજનક ફેરફારો સંભવ છે.

**રૂપિયા ખર્ચ કર્યા વિના MLA બની શકાય, એક પ્રયાસ તો કરી જુઓ ...**

**સંસદીય સચિવ- સાહેબ, મારૂં કામ કરી આપો...**

સરકારમાં કેબિનેટ અને રાજ્યકક્ષાના પ્રધાનોની નિયુક્તિ થયેલી છે. ભાજપની સરકારે ડેપ્યુટી મિનિસ્ટરની પ્રથા બંધ કરી છે પરંતુ તેની સામે સંસદીય સચિવોની પ્રથા શરૂ કરી છે. આ પ્રથામાં જેની નિમણૂક થાય તેની પાસે કામ કંઈ હોતું નથી પરંતુ એક હોદ્દો હોય છે. પાર્ટીના ધારાસભ્યોને સાચવવાનું એક હથિયાર છે. ગાડી, બંગલા અને ઓફિસ મળે છે પરંતુ કેબિનેટની ફાઈલો તેમના સુધી આવતી નથી. તેઓને સરકારમાં નિર્ણય લેવાની કોઈ સત્તા નથી, એટલે બિચારા સંસદીય સચિવો આઈએએસ અધિકારીઓને કોઈની ભલામણ માટે ડાયરેક્ટ ફોન કરે છે અને કામ પૂર્ણ કરવાની વિનંતી કરતા જોવા મળે છે. દિલ્હીમાં સંસદીય સચિવની નિયુક્તિમાં પ્રશ્ન ઉઠાવતી કેન્દ્ર સરકાર ગુજરાતમાં સંસદીય સચિવોની સ્થિતિ ચકાસે તો ખબર પડશે કે આ પદનું સરકારમાં કેટલું મહત્વ છે...!

**ઓફિસર નહીં, પ્રધાન ફાઇલ મૂકી રાખે તો...**

**૭૦ વર્ષ પછી જોવા મળતો અદ્દભૂત મૂન, ૧૪મી નવેમ્બર યાદ રાખો ...**

સચિવાલયમાં કોઈ કર્મચારી ફાઈલ મૂકી રાખે તો જે તે વિભાગના અધિકારી તેને ધમકાવી નાંખે છે, તેમ અધિકારી ફાઈલ મૂકી રાખે તો પ્રધાન ફોન ઉપર ફોન કરે છે, પરંતુ જો પ્રધાન ફાઈલ મૂકી રાખે તો તેનો કોઈ ઉપાય ખરો... ના, એ શક્ય નથી... સચિવાલયના એક સિનિયર અધિકારી કહે છે કે પ્રધાનને ધમકાવી નાંખવાનું કામ માત્ર બે જ ચીફ મિનિસ્ટર કરી શક્યા છે. એક હતા ચીમનભાઈ પટેલ અને બીજા નરેન્દ્ર મોદી. ગુજરાતમાં આવેલા ૧૫ મુખ્યપ્રધાનોમાં આ બન્ને નેતાઓ શક્તિશાળી ચીફ મિનિસ્ટર હતા કે જેમનાથી સચિવાલય તો શું કેબિનેટ કાંપતી હતી. આવા શક્તિશાળી ચીફ મિનિસ્ટર હોય તો લોકોના કામ અટકે નહીં, ફાઈલ એ જ દિવસે સહી સહીને પાછી આવી જાય!...




**ચૂંટણી કાર્ડની ભૂલો તમે જાતે જ સુધારી લો...**

ઘણીવાર ચૂંટણી કાર્ડમાં થયેલી ભૂલો તમે જોઈ શકો છો પરંતુ તેને સુધારી શકતા નથી પરંતુ હવે ચૂંટણી કાર્ડમાં તમે જાતે ભૂલો સુધારી શકો છો. www.nvsp.in નામની વેબસાઈટમાં લોગઈન કરીને ૮ નંબરનું ફોર્મ સિલેક્ટ કરવાનું છે. આ ફોર્મમાં રાજ્ય અને વિધાનસભા વિસ્તારને સિલેક્ટ કરવાનો રહે છે. આટલું કર્યા પછી તમે જે ફેરફાર કરવા માગતા હોવ તે કરી શકો છો. આમ કર્યા પછી ભારતનું ચૂંટણી પંચ તમને થોડા દિવસમાં જ તમારૂં સુધારેલું આઈકાર્ડ મોકલી આપશે. આ ઓનલાઈન પ્રોસેસથી સમય અને સંપત્તિનો બચાવ થાય છે અને મતદારોને તેમના કાર્ડમાં રહેલી નાની ભૂલો ઓનલાઈન સુધારવાનો મોકો મળે છે.

**ભારતમાં બિઝનેસ કરવો છે, આ રહ્યા રાજ્યો...**

ભારતમાં બિઝનેસ કરવો હોય અને ઝડપથી પ્રોજેક્ટ પાસ કરવો હોય તો ટોપ ટેન રાજ્યોમાં ભાજપ શાસિત રાજ્યોની સંખ્યા ૮ થવા જાય છે. ભારતમાં બિઝનેસમેન માટે યોગ્ય રાજ્યની પસંદગી કરવી હોય તો સૌથી ટોચ પર આંધ્રપ્રદેશ આવે છે. બીજાક્રમે નોન ભાજપ શાસિત રાજ્યમાં તેલંગાણા આવે છે. સાત સાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કર્યા પછી પણ આ યાદીમાં ગુજરાતનો ક્રમ ત્રીજો છે. હંમેશા ગુજરાત નંબર વનનો દાવો કરતી સરકાર માટે આ શરમજનક બાબત છે. ભારતના અન્ય રાજ્યોમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, હરિયાણા, ઝારખંડ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને મહારાષ્ટ્ર બિઝનેસ કરવા યોગ્ય રાજ્યો છે. ગુજરાતની આ સ્થિતિ માટે એક સિનિયર આઈએએસ અધિકારીએ એવો આરોપ મૂક્યો હતો કે ગુજરાતમાં સિંગલ વિન્ડો સિસ્ટમ અને પ્રોજેક્ટને ઝડપથી મંજૂરી આપવામાં થતો વિલંબ એ મુખ્ય કારણ છે.

**ફેસબુક સામે વસતીના આંકડા નાના લાગે છે...**

**ઓફિસર ફાઇલ પર સહી કરે અને પ્રધાન મૂકી રાખે તો- ઉપાય ખરો ...**

વિશ્વમાં પ્રચલિત થયેલી સોશ્યલ સાઈટ ફેસબુકના યુઝર્સની સંખ્યા એટલી મોટી છે કે જેની સામે વસતીના આંકડા પણ નાના લાગે છે. હાલમાં ફેસબુકે એવું જાહેર કર્યું છે કે તેના વિશ્વભરમાં કુલ યુઝર્સની સંખ્યા ૧૭૯ કરોડ છે. આ આંકડો ભારતની કુલ વસતિ ૧૩૩ કરોડ અને અમેરિકાની ૩૨ કરોડની વસતી સામે ઘણો મોટો છે. ફેસબુકના મત અનુસાર ભારતમાં દર મહિને ૧૫.૫ કરોડ લોકો ફેસબુકનો ઉપયોગ કરે છે. ફેસબુકનો ઉપયોગ વધતો છે ત્યારે તેનો ઉપયોગ કરવાનું સૌથી પહેલું કામ બિઝનેસ હાઉસે કર્યું છે. બીજાક્રમે આપણા રાજકીય નેતાઓ આવે છે. ત્રીજાક્રમે ઈનોવેટીવ્સ આઈડિયા આપતા ચોક્કસ ગ્રુપનો આવે છે. કહેવાય છે કે ફેસબુક એક એવું માધ્યમ બન્યું છે કે તેના ઉપયોગથી રાજકીય પાર્ટીનો ઉમેદવાર ખર્ચ કર્યા વિના ચૂંટણી જીતી શકે છે.

**સુપર મૂન- ૧૪મી નવેમ્બર યાદ રાખજો...**

ચંદ્રને નજીકથી જોવો એક લહાવો છે. ૧૪મી નવેમ્બરની તારીખ યાદ રાખવા જેવી એટલા માટે છે કે તે રાત્રે ચંદ્ર ખૂબ મોટો જોવા મળશે. ૭૦ વર્ષ પછી આવતો આ નજારો છે. કારતક મહિનાની પૂર્ણિમાને સોમવારે ચાંદ ૧૪ ટકા મોટો અને ૩૦ ટકા વધુ ચમકતો જોવા મળશે. આ એક અજાયબી કહી શકાય તેવો મોકો છે. આવો નજારો ફરીથી ૨૦૩૪ની સાલમાં જોવા મળશે. નાસાનું કહેવું છે કે ચંદ્રમાં એલિપ્ટિકલ ઑરબિટમાં હોય છે. તેનો એક હિસ્સો પેરિજી (PERIGEE) કહેવાય છે. અને બીજો હિસ્સો અપોજી (APOGEE) કહેવાય છે. પેરિજીનો પુરો હિસ્સો અંદાજે ૪૮,૨૮૦ કિલોમીટર (૩૦,૦૦૦ માઈલ) છે. જ્યારે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એક લાઈનમાં આવે તો તેને જીરૂઢરૂષ્રૂ કહેવાય છે. અને જ્યારે ચંદ્ર પૃથ્વીની બીજી તરફ હોય છે, ત્યારે તેને પેરિજી-સિજિગી કહેવાય છે. તેના કારણે ચંદ્ર આપણને નોર્મલ કરતાં વધુ નજીક અને વધારે ચમકવાળો જોવા મળે છે.

**મેઇડ ઇન ગુજરાત, ટેસ્ટ ઓફ ઇન્ડિયા...**

બાબા રામદેવની પતંજલી પ્રોડક્ટ્સને વિવિધ મંજૂરીઓ આપવા પાછળ ભાજપ શાસિત રાજ્યો પાગલ બન્યા છે ત્યારે ગુજરાતમાં અમૂલ એક એવી બ્રાન્ડ છે કે જે મેઈડ ઈન ગુજરાત છે પરંતુ તેની પાંખો ટેસ્ટ ઓફ ઈન્ડિયા સુધી વિસ્તરાયેલી છે.

આભાર - નિહારીકા રવિયા

અમૂલ એ માત્ર ભારતની જ બ્રાન્ડ રહી નથી, વિદેશમાં પણ તેનો વ્યાપાર વધ્યો છે. અમૂલ હવે રિટેઈલ આઉટલેટ અને રેસ્ટોરન્ટ શરૂ કરી રહ્યું છે. અને તે પણ ગ્રીન બ્રાન્ડના નામ સાથે- અમૂલના આ સાહસનું નામ અમૂલ ફુડલેન્ડ છે. આ જગ્યાએ ૬૫૦૦ જેટલી આઈટમોનું વેચાણ કરાશે. વર્ષે ૩૦,૦૦૦ કરોડ કરતાં વધુનું ટર્ન ઓવર કરતી આ અમૂલ બ્રાન્ડ રિટેઈલ આઉટલેટ અને રેસ્ટોરન્ટ થકી રોજનું આઠ લાખ રૂપિયાનું ટર્નઓવર ઈરાદો ધરાવે છે.

**કાયદા છે પણ અમલ માટે સ્ટાફ નથી...**

ગુજરાતમાં રૂપાળા કાયદા છે પણ તેના અમલ માટે સ્ટાફ નથી. સરકારે આઉટ સૉર્સિંગ કરીને આ કાયદાના અમલ કરાવવા જોઈએ તેવું એક અધિકારીએ કહ્યું છે. આ અધિકારી કહે છે કે- સચિવાલયમાં ધુમ્રપ્રાન પર પ્રતિબંધ છે અને દંડની જોગવાઈ છે પરંતુ ધુમ્રપાન કરનારને પકડે કોણ.. એ સવાલ છે. ખાણી-પીણીમાં ભેળસેળ થાય છે પણ પકડે કોણ... સ્ટાફ નથી. ભરબજારે યુવતિની છેડતી થાય છે, પણ ૧૦૦ નંબર ડાયલ કરાય છે, કોઈ ફોન ઉપાડતું નથી. ગ્રાહકો છેતરાય છે પરંતુ ગ્રાહક સુરક્ષા ખાતા પાસે મેનપાવર નથી.. પ્લાસ્ટીક પ્રતિબંધ છે પરંતુ જે પ્લાસ્ટીક નાંખે છે તેની પાસેથી દંડ વસૂલ કોણ કરશે... સરકાર કાયદા બનાવે છે, મિટીંગો કર્યા કરે છે, આદેશ કરે છે પણ અમલનું શું...?! આ સ્થિતિમાંથી બહાર આવવા સરકારે આઉટ સૉર્સિંગ કરવાની આવશ્યકતા છે.